

# મંડળીના સમાચાર

સપ્ટેમ્બર : ૨૦૨૦

# સદ્ભાવના


**રેવ. આર્થર રજવાડી** — પ્રેસ્બિટર ઈન્ચાર્જ

સી.એન.આઈ ચર્ચ મણિનગર, અમદાવાદ-૮. ફોન : ૨૨૭૭૪૨૧૩

**રેવ. એલ્વીન સાવલે** — (એસો. પ્રેસ્બિટર)

મો. ૯૭૨૫૯૫૮૭૮૫ ● મિશનરી : રીનલ ગામીત, ગાયસ ક્રિશ્ચિયન, પ્રવિણ યાદવ ● મો. ૯૯૨૫૯૪૬૮૩૩

મો. ૯૨૬૫૨૦૧૬૨૫


**દર્શન વિધાન : "શાહી આદેશની આધીનતામાં ઈ.સ. ૨૦૨૫ સુધીમાં મંડળીની આસપાસના પાંચ બીન ગુજરાતી પ્રજાજૂથો મધ્યે નવા વિશ્વાસીઓની આરાધના સંગત"**

## તોફાનની દૃષ્ટિએ (માર્ક ૪:૩૫-૪૧)

તોફાન, ઝંઝાવાત ક્યારેય જાણ કરીને આવતું નથી, તેની ઘણી બધી અસરો છોડીને જાય છે. દેશમાં તેમજ વિશ્વમાં આવા તોફાનોના નામ પણ હોય છે. દા.ત. એમ્ફાન, હાન્ના વાયુ વગેરે. માર્કની સુવાર્તાના ૪:૩૫-૫૧ માં તોફાનની રજુઆત કરી છે. તોફાન માનવી જીવનમાં પણ આવી શકે છે. જે જીવનના તમામ પાસાઓને અસરો કે આડ અસરો પહોંચાડે છે.

**તોફાનની દૃષ્ટિએ પાંચ મહત્વના પગથિયા સમજીએ :**

૧. **તોફાન ઘણીવાર આધિનતાના માર્ગમાં આવે છે.**
શિષ્યો વ્યવસાયે માછીમારો હતા તેથી આવી પરિસ્થિતિનો અનુભવ તેમની પાસે હતો. પરંતુ વિશ્વાસની યાત્રામાં આવતા તોફાનો માણસના જીવનમાં આવે છે. આપણા સમગ્ર જીવનને અસર કરે છે. આપણે સ્વાભાવીક પ્રશ્ન પૂછીએ છીએ, પ્રભુ કેમ અમારી સાથે આવું બન્યું ? ઘણી બધી વાર તોફાની પરિસ્થિતિમાં આપણા વિશ્વાસને હચમચાવી દે છે.

૨. **ઘણીવાર તોફાન એવું બતાવે છે કે ઈસુને આપણી પડી નથી.**
તોફાન, ઝંઝાવાતો, પ્રશ્નો, મહામારી ઘણી બધીવાર એવું બતાવી શકે છે કે ઈસુને આપણી પડી નથી. આ આપણો અવિશ્વાસ કે અલ્પવિશ્વાસ આપણે જાહેર કરીએ છીએ. શિષ્યોએ પણ આવું જ કર્યું. અમે નાશ પામી રહ્યા છીએ, મરી રહ્યા છીએ, ડૂબી રહ્યા છીએ વગેરે અસરોના સંદર્ભમાં દબાણ કે નુકસાનમાં નકારાત્મક રજુઆત કરે છે.

૩ **તોફાન આપણા ખરા શત્રુને જાહેર કરે છે.**
તોફાન આપણા ખરા શત્રુને જાહેર કરે છે. અહીં તોફાનમાં શિષ્યોની નિર્બળતા, ભય, અલ્પવિશ્વાસ ખુલ્લી કરે છે. નાશ પામી રહ્યાની લાગણી - પરિસ્થિતિ ચોક્કસ હતી પરંતુ આ તેમનો અભિપ્રાય ખોટો હતો. ઘણી બધી વખતે જે દેખાય છે તે માની લઈએ છીએ સાચુ છે અને અભિપ્રાય આપી દઈએ છીએ.

૪. **તોફાન આપણને ઈસુ તરફ દોરે છે.**
બધા જ પ્રયત્નોમાં નિષ્ફળતા બાદ વણસી રહેલી પરિસ્થિતિમાં શિષ્યો ઈસુની પાસે આવ્યા. ઈસુને જગાડે છે. વિષમ પરિસ્થિતિમાં યાદ રાખીએ જે ખડક પર હું મારી મેળે ચઢી શકતો નથી તે પર તુ મને લઈ જજે. ગી.શા. ૫૬:૩ જણાવે છે જ્યારે મને બીક લાગશે ત્યારે હું તારા પર ભરોસો કરીશ આવા તોફાનોમાં ઈસુ આપણી સાથે છે.

૫. **તોફાન હંમેશા આપણને ઈસુ વિશે નવું બતાવે છે.**
શિષ્યો અંચબો પામીને બોલી ઉઠ્યા આ તે કોણ છે ? તોફાન શમ્યા બાદ ઈસુના અધિકાર, પરાક્રમ અને સર્વસત્તાધારી ઈસુમાં શિષ્યો જોઈ શક્યા વળી કુદરત પર ઈસુના અધિકાર પ્રત્યક્ષ જોયા ત્યારે આ બનાવથી ઈસુ વિશે નવું શિષ્યો શિખી શક્યા. **મહામારીના સમયમાં પણ ઉપરોક્ત પાંચ બાબતોથી વિશ્વાસમાં નવી શિખી શકીએ એમ છીએ. ભયભીત ન થતા, નાશીપાસ ન થતા આવી પડેલી પરિસ્થિતિમાં બાઈબલ વાંચન, મનન, પ્રાર્થના તથા સંગત વગેરે દ્વારા ઉત્તેજન પામી વિશ્વાસમાં મજબુત બનીએ અને બીજાઓને પણ પ્રોત્સાહિત કરીએ.**

— રેવ. એલ્વીન એમ. સાવલે
*એસો. પ્રેસ્બિટર*

# મંડળીની સેવાપ્રવૃત્તિ

૧. **દેવળમાં ભક્તિસભા :** પાંચ મહિના બાદ પ્રભુની અદ્‌ભૂત કૃપા - સહાય અને માન્ય બિશપ સાહેબ (ગુજરાત ડાયોસીસ)ની દોરવણી થકી સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ આપણી મંડળીમાં ચારપાલીમાં તા. ૧૬-૮-૨૦૨૦ ના રવિવાર શરૂ કરવામાં આવી. વરસાદી વાતાવરણ મધ્યે પણ ભક્તિસભા ખૂબ આશીર્વાદિત રહી પાસ્ટોરેટ કમીટી, ભક્તિસભા વોલેન્ટર્સ યુવાનો, ટેકનીકલ ટીમ, વ્યવસ્થા તથા માલમિલકત સમીતી બન્ને પગી મિત્રો બધાની પુષ્કળ મહેનત તથા ભક્તિસભામાં આવનાર લોકોનો નવી વ્યવસ્થામાં ઉમદા સહકારની કદર કરીએ છીએ. **૧. ભક્તિસભામાં આવનારાને** (૧) તાપમાન (ટેમ્પરેચર) તથા ઓક્સીજન લેવલની તપાસ (૨) હાથ સેનેટાઈઝ (૩) માસ્ક પહેરેલું હોય તે તપાસી પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત (૧) સોશીયલ ડિસ્ટન્સની દેવળમાં આવતાં-જતાં - બેસતાં ખાસ કાળજી રાખવામાં આવે છે. (૨) સમગ્ર ચર્ચ તથા ચર્ચ કમ્પાઉન્ડને દરેક પાળીમાં સેનેટાઈઝ સાથે ભક્તિસભામાં આવનાર ભાઈ - બહેનોના બુટ-ચંપલને પણ સેનેટાઈઝ કરવામાં આવે છે. (૩) કોરોનાની જાગૃતી માટે ચર્ચની અંદર તથા બહાર બેનર તેમજ ઓડીયો - વીડીયો દ્વારા જાહેરાત કરવામાં આવે છે. (૪) ડૉક્ટરની ટીમ દ્વારા કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે. ખાસ **નોંધ :** આ નવી વ્યવસ્થામાં ૧. માલમિલકત સમિતી સાથે વસ્તુએ રાહત ભાવે ખરીદવા માટે રોબર્ટ મેકવાન, અંકુર કાપડીયા, ડૉ. ફ્રેની ખ્રિસ્તાચારી, એલેક્ષ પરમાર, અંકિતા હેરી, પૉલ ક્રિસ્ટી વગેરે ૨. સેનેટાઈઝ ટીમ : અંકુર કાપડીયા, રવિ નાયર, એલેક્ષ પરમાર તથા બન્ને પગી મિત્રો ૩. યુથ વોલેન્ટર્સ ટીમ : પેરેસ ક્રિશ્ચિયન તથા ટીમ ૪. ટેકનીકલ ટીમ : એલ્વીન વાઘેલા તથા ટીમ ૫. સાઉન્ડ સિસ્ટમ : ક્રિસ્ટુભાઈ તથા ટીમ ૬.ભક્તિસભા રીપોર્ટીંગ : પાળક સાહેબ સાથે સહ-કોઓર્ડીનેટર કોલીન ફ્રાન્સીસ **૨. વિવેકાનંદનગર મિશનફિલ્ડ ભક્તિસભા :** મણિનગરની જેમ જ વિવેકાનંદનગર પણ તમામ વ્યવસ્થા કરવામાં આવી છે અને ખૂબ જ સારી રીતે અત્યાર સુધી ભક્તિસભા ચાલી છે. તા. ૩૦-૮-૨૦૨૦ ના રવિવારે રેવ. આર્થર રજવાડીએ ભક્તિસભામાં ભાગ લઈ મિશનફિલ્ડના ભાઈ-બહેનોને ઉત્તેજન આપ્યું સાથે ભક્તિસભાની વ્યવસ્થાઓ જોઈ સાથે વોલેન્ટર્સને જર્સી ભેટ આપી ત્યારબાદ બે દુઃખિત પરિવારો (૧) આશીષ ક્રિશ્ચિયન (પિતાશ્રી) (૨) અતુલ પટેલ સાહેબ (કોર્પોરેટર) (માતુશ્રી)નું મરણ થતાં તેમની મુલાકાત લઈ પ્રાર્થના કરાવવામાં આવી.

૩. **ભક્તિસભા વોલેન્ટર્સની તાલીમ મીટીંગ :**

૧. તા. ૧૫-૮-૨૦૨૦ શનીવારે રાત્રે ૮-૦૦ ડૉ. ફ્રેની ખ્રિસ્તાચારી દ્વારા ટેમ્પરેચર તથા ઓક્સિજન લેવલ તપાસવા તથા સેવામાં રાખવાની કાળજી વિશે શિક્ષણ આપવામાં આવ્યું તથા પ્રાર્થના કરવામાં આવી. ૨. તા. ૨૯-૮-૨૦૨૦ ના રોજ રાત્રે ૮-૩૦ કલાકે ચર્ચમા સેવા કરનાર જુવાનોને ઉત્તેજન તથા માર્ગદર્શન બન્ને પાળકો, શ્રી કોલીન ફ્રાન્સીસ તથા પેરેસ ક્રિશ્ચિયન દ્વારા આપવામાં આવ્યું સાથે જર્સી ભેટ આપવામાં આવી.

૨. **સેવા ભારતના સહકારમાં તાલીમ (ICT) :** મંડળીના તાલીમાર્થીઓ (૧) ડૉ. અનુષા સોલંકી (૨) પ્રિતી સોલંકી
(૩) પ્રિયલ સોલંકી (૪) સોનલબેન સાવલે (૫) પન્નાબેન રજવાડી (૬) બ્રેસવેલ લાલ (૭) રાજ રાજપુત (૮) અમીત રાઠોડ (૯) સૌમીક ક્રિશ્ચિયન (૧૦) એનન ક્રિશ્ચિયન, **૨. શિક્ષણની સેવા :** (૧) રેવ. એલ્વીન સાવલે (૨) રેવ. જયંત નોએલ (૩) રેવ. સુરેશ ક્રિશ્ચિયન (૪) રેવ. રમેશ મછાર.

૩. **સમય :** શુક્ર તથા શની રાત્રે ૮-૦૦ થી ૯-૩૦ ચર્ચ હોલ
**નોંધ :** તાલીમાર્થીઓ ઉપરાંત મંડળીના ભાઈ-બહેનો આ શિક્ષણનો લાભ લેવા માંગો છો તો અચુક લાભ લઈ શકો છો.

૩. **મંડળીના આર્થીક રીતે નબળા કુટુંબોના વિકાસાર્થે વિવિધ સહાયો:**

૧. **કોરોના મેડીકલ સહાય** (કુટુંબદીઠ રૂા. ૩,૦૦૦) : ઓગષ્ટ માસમાં એક કુટુંબને આપવામાં આવી.

૨. **(એ) ઉચ્ચ શૈક્ષણિક સહાય :** ૧૦,૦૦૦ થી ૨૦,૦૦૦ સુધી
**(બી) શૈક્ષણિક સહાય :** ૬,૫૦૦ થી ૯,૫૦૦ સુધી

૩. **મેડીકલ સહાય :** ૬,૫૦૦ થી ૯,૫૦૦ સુધી

૪. **વિધવા સહાય :** દરમહિને ૧,૫૦૦ હાલમાં ૧૩ વિધવા બહેનો સહાય લે છે આ મહિને બે વિધવા બહેનો ઉમેરાયા કુલ
૧૫ × ૧૫૦૦ દરમહિને ૨૨,૫૦૦

૫. **મરણ સહાય :** ૩,૦૦૦ રૂા. ઉપરાંત દફનવિધી માટે બન્ને ભાઈપૂરા તથા સીયોન નગર ચર્ચ હોલ ખાલી હોય તો ફ્રિ માં આપવામાં આવે છે. ઉપરાંત (કોફીન બોક્ષ રાહત દરે, ૨,૩૦૦ તથા ૨,૬૦૦ માં ઘર બેઠા આપવાની વ્યવસ્થા)

● ઈશ્વરકૃપા હોલ (ભાઈપૂરા)ની સુવિધા ૧. ભક્તિસભા ૨. પ્રાર્થના ભવન ૩. નાના મોટા પ્રસંગો ૪. આભાર સ્તુતિ ૫. ભોજન ૬. દફનવિધી ૭. રહેવાની વ્યવસ્થા વગેરે

૬. **વ્યવસાય માટે મદદ :** દાતામિત્રોના સહકારમાં પાંચ પરિવારોને જરૂરિયાત મુજબ વસ્તુ અથવા રોકડ સહાય આપવામાં આવી.
● એક વ્યક્તિને શાકભાજીના વ્યવસાય માટે હાથલારી આપવામાં આવી. ● જેઓ બેરોજગાર થયા છે અથવા વ્યવસાય બદલવો પડ્યો છે તેઓને પણ સતત ઉત્તેજન આપવામાં આવે છે. (૧ વર્ષમાં ઓછામાં ઓછા ૧૦ વ્યક્તિઓને દાતા મિત્રોના સહકારમાં વ્યવસાય પ્રાપ્ત થાય તેવા પ્રાર્થના સહિત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.)

૭. કોરોનાની માહામારી અને લોકડાઉનમાં જરૂરિયાતમંદ ૧,૦૯૬ કુટુંબોના ૪,૩૩૬ વ્યક્તિઓ સુધી સહાય પહોંચાડી પ્રભુ ઈસુનો પ્રેમ અને સંભાળ પ્રગટ કરવા બદલ (૧) માન્ય બિશપ સાહેબ (ગુજરાત ડાયોસીસ) તરફથી શુભેચ્છા પાઠવી ઉત્તેજન આપ્યું (૨) શ્રી કોલીનભાઈ ફ્રાન્સીસની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો દ્વારા મંડળીએ કરેલ શ્રેષ્ઠ કામગીરી માટે બન્ને પાળકો તથા સેક્રેટરી, ટ્રેઝરરનું શાલ ઓઢાડી સન્માન કર્યું. મંડળીની મહત્વની સેવાઓ મમતા ડીસ્પેન્સરી તથા દર્શન ટ્યુશનની સેવા વિશે જાણી તેઓ ખૂબ જ પ્રભાવીત થયા અને શુભેચ્છા પાઠવી બધા માટે પ્રાર્થના કરવામાં આવી સાથે પ્રભુ ઈસુની પડોશી ધર્મની સુવાર્તા આપવામાં આવી. (૩) ઓલીવર ખંભાતા સાહેબ મારફતે લોકડાઈનમાં મંડળીએ કરેલી સેવા વિષે સરકારશ્રીને પણ માહિતગાર કરવામાં આવી.

૮ **જી.એમ.એમ. વેલફેર ફંડ F.D. વ્યાજમાંથી :** ગુજરાત ડાયોસીસમાં જી.એમ.એમ.ના મિશનરી તરીકે સેવા આપતા મિશનરીઓ તથા તેમના પરીવારો માટે **(એ)** (૧) શૈક્ષણિક સહાય - બાળકોના અભ્યાસ માટે (૨) કુટુંબ માટે મેડીકલ સહાય દર વર્ષે આપવામાં આવે છે. **(બી)** દર વર્ષે બધા જ મિશનરીઓને નાતાલે મંડળીમાં બોલાવી નાતાલ ભેટ સાથે ભોજનની સંગત આપવામાં આવે છે. **(સી)** જી.એમ.એમ. ના ૬ મિશનરીઓને સ્પોન્સરશીપ (એકના

રૂા. ૪,૫૦૦ લેખે વાર્ષિક રૂા. ૩,૨૪,૦૦૦) **ડી. જી.એમ.એમ.** સન્ડેની ઉજવણી દ્વારા ઉત્તેજન, પ્રાર્થના અને ઉદારતાથી દાન તથા ભોજનની સંગત આપવામાં આવે છે. શ્રી ડિકન્સભાઈ ઠક્કરની ઉમદા કામગીરીની કદર કરીએ છીએ.

૯. **જી.યુ.એસ.ટી. ના વિદ્યાર્થીઓને સ્પોન્સરશીપ :** ૧. એકના રૂા. ૩,૫૦૦ લેખે વાર્ષિક રૂા. ૧,૬૮,૦૦૦ ૨. જી.યુ.એસ.ટી. સન્ડેની ઉજવણી ઉત્તેજન, પ્રાર્થના અને ઉદારતા દાન સાથે ભોજનની સંગત આપવામાં આવે છે. ૩. બધા જ વિદ્યાર્થીઓને નાતાલ ભેટ સાથે ભોજનની સંગત.

૧૦.**જી.એમ.એમ. મિશન ફિલ્ડ તથા આર્થીક રીતે નબળી મંડળીઓને પ્રભુમંદિર તથા પાળકગૃહની ભેટ :** મંડળીના દર્શન થકી અત્યાર સુધી (૧) સાકવા (નેત્રાંગ) (૨) ઝેર (ખેડબ્રહ્મા) (૩) વિવેકાનંદનગર (૪) તરોપા (પાસ્ટર હાઉસ) સમર્પણવિધી બાકી છે સાથે આગામી દિવસોમાં વલી પ્રભુમંદિર બાંધકામ કરવા માંગીએ છીએ. આ સાથે મંડળી માટે બે મકાન ઈશ્વરકૃપા ડુપ્લેક્ષ (ભાઈપૂરા) ખાતે (૭૩ લાખમાં) ખરીદવામાં આવ્યા છે.

૧૧.**ડાયોસીસની મંડળીઓના જુદા - જુદા પ્રાજેક્ટ** (પ્રભુમંદિર - પાળકગૃહ) વગેરે માટે (૧) રૂા.૧૫,૦૦૦ (૨) નવી મંડળીઓને ૨૦,૦૦૦ (૩) જી.એમ.એમ. મિશનફિલ્ડ માટે રૂા. ૨૫,૦૦૦ આપવામાં આવે છે. જરૂરિયાત જણાય તો દાન એકત્રીત કરવાની મંજૂરી આપી મદદરૂપ થઈએ છીએ.

૧૨.**છેલ્લા પાંચ વર્ષની આવક તથા એસેસમેન્ટની વિગત :** પાળકો તથા પાસ્ટોરેટ કમીટીની મહેનત - મુલાકાત થકી કુટુંબોની ખાસ કાળજી રાખવામાં આવે છે સાથે જે હેતુ માટે દાન આપવામાં આવે છે તે પુરો થાય તેની કાળજી રાખતા મંડળીના દેશ-પરદેશના કુટુંબોની ઉદરતાને કારણે મંડળી સર્વાંગી વિકાસના પંથે આગળ વધી છે.

| નાણાંકીય વર્ષ | કુલ આવક રૂા. | એસેસમેન્ટ ચુકવણી રૂા. |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૯૭,૧૬,૬૦૪ | ૨૬,૧૫,૩૯૭ |
| ૨૦૧૬-૧૭ | ૧,૦૫,૫૯,૦૦૫ | ૨૯,૬૫,૬૦૦ |
| ૨૦૧૭-૧૮ | ૧,૨૦,૬૩,૬૬૧ | ૩૨,૧૧,૨૮૮ |
| ૨૦૧૮-૧૯ | ૧,૩૪,૪૮,૯૫૪ | ૩૮,૮૩,૬૨૦ |
| ૨૦૧૯-૨૦ | ૧,૨૮,૬૭,૪૭૯ | ૪૦,૬૨,૮૦૬ |

કોરોનાની માહામારી તથા લોકડાઉન મધ્યે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં અત્યાર સુધી ૩૬,૧૪,૭૦૨ જેટલી આવક થઈ છે સાથે ડાયોસીસને ૧૮,૨૮,૧૬૨ એસેસમેન્ટ ચુકવી શક્યા છીએ. પ્રભુનો તથા મંડળીના તમામ કુટુંબો પાસ્ટોરેટ કમીટી - પાળકો બધાની મહેનતની કદર કરીએ છીએ. કોરોનાની માહામારી તથા લોકડાઉન મધ્યે પણ ૫૦ હજાર કે તેથી વધુ દાન આપવામાં આવ્યું છે. ૧. ચાહના એસ. મેકવાન (યુ.એસ.એ.) રૂા. ૩ લાખ (મમતા, દર્શન તથા કીટ માટે એક-એક લાખ) ૨. ફ્રેન્કલીન એસ. બારીયા (સોનલકુંજ) રૂા. ૨ લાખ (મહત્વની આઠ સેવામાટે ૨૫ હજાર લેખે) ૩. સીઝા એસ. પરમાર તથા સીનાઈ વી. દાસ (એક લાખ) જી.એમ.એમ. વેલફેર ફંડ ૪. અંકુર સી. કાપડીયા (એદન પાર્ક રૂા.૫૦ હજાર કીટ માટે) આ સાથે દરેક દાતામિત્રની ઉદારતારૂપી દાનની નોંધ લઈએ છીએ અને આભાર માનીએ છીએ.

૧૦.**મંડળીને ભેટમાં મળેલ વસ્તુઓ :** ૧. થર્મલગન (નંગ - ૩, રૂ. ૪૮૦૦) સેવા ભારતના તાલીમાર્થીઓ ૨. ઓક્સીમીટર (નંગ - ૬), ગ્લોઝ, ફેસસીલ્ડ (રૂા. ૭,૦૦૦) અનામી દાતા મિત્ર ૩. વોલેન્ટર્સને જર્સી (નં. ૫૦) (મણિનગર તથા વિવેકાનંદનગર) કોરોનાની કીટ તથા ઓનલાઈન ભક્તિસભાના સાધનો માટે કુલ ૫૦,૦૦૦ રૂા. ફ્રેન્કલીન બારીયા (સોનલકુંજ).

૧૧.**બાઈબલ ક્વીઝ :** ૧. ગારફીલ્ડ મેકવાન (સુરત) મારફતે ૧. પ્રાથમિક તથા જુનીયરના બાળકો માટે ૨. બધા માટે. **૨. TWR મારફતે :** તા. ૨૯-૧૧-૨૦૨૦ પુસ્તક : નિર્ગમન. રજીસ્ટ્રેશન તા. ૩૧-૧૦-૨૦૨૦ રજીસ્ટ્રેશન માટે લીંક - www.twrbq.net

૧૨.**અગત્યની જાહેરાત :** ૧. મા-કાર્ડ (પાંચ લાખ સુધીની કુટુંબને સહાય) જરૂરી દસ્તાવેજ ૧. રેશનકાર્ડ ૨. આધારકાર્ડ ૩. આવકનો દાખલો (આપણી મંડળીના સભ્ય એલ્વીનાબેન એ. ક્રિશ્ચિયન મદદરૂપ થશે.) ૨. વિધવા સહાય : આર્થીક રીતે નબળી વિધવાઓને સરકારશ્રી દ્વારા દરમહિને સહાય સામાજીક ઉત્કર્ષ સમિતી મદદરૂપ થશે. દસ્તાવેજ (૧. આધારકાર્ડ ૨. આવકનો દાખલો) ૩. રેશનકાર્ડ ૪. લાઈટબીલ) ૩. સ્કોલરશીપ : લઘુમતી વિદ્યાર્થીઓને ધો. ૧ થી કોલેજ સુધી રૂા. ૧૦૦૦ થી ૧૨,૦૦૦ સુધી ૨. પ્રોફેશનલ ટેકનીકલ કોર્ષ ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી ફોર્મ ભરવાની તા. ૧૬-૮-૨૦૨૦ થી

૧૩.**પ્રાર્થના વિનંતીઓ :** "હે ઈશ્વર મારું હૃદય વ્યાકુળ થશે ત્યારે પૃથ્વીને છેડેથી હું તને અરજ કરીશ" (ગી. શા. ૬૧:૨)

૧. **આભારસ્તુતિ :** કોરોનાની માહામારીમાં મંડળીના ૨૪ વ્યક્તિઓને અસર થઈ તેમાંથી ૧૫ ને પ્રભુએ સાજાપણું આપ્યું. ૨. સાત વ્યક્તિઓ હોમ કોરોન્ટાઈન છે. ૩. બે વ્યક્તિઓને પ્રભુએ સદાકાળના વિસામા માટે તેડું આપ્યું. **૩. અન્ય માંદગી :** ૧. પારૂલબેન પોપટલાલ દેસાઈ (સૌભાગ્યપાર્ક) ૨. અશક્ત સીનીયર સીટીઝન વ્હાલાઓ ૪. મંડળીના દેશ-પરદેશના વ્હાલાઓ ૫. કોરોનાની માહામારીમાં સેવા આપનારા તમામ ભાઈ- બહેનો તથા તેમના કુટુંબો ૬. પરદેશ અભ્યાસઅર્થે જેઓ ગયા છે. ૨. જનાર - ફેલીક્સ ડીકન્સ ઠક્કર (સોનલકુંજ) બોસ્ટન અમેરીકા ખાતે માસ્ટર્સ ઈન એન્જી. મેનેજમેન્ટ ૩. જવાની તૈયારી કરતા જુવાનો તથા વાલીઓ ૪. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા વાલીઓ ૭. નવા લગ્નવાદીઓ ૧. શાર્દુલ સતીષબાબુ ક્રિસ્ટી તથા સીન્ડી ૨. થનાર લગ્ન - જેન્સન જોસફ બેન્જામીન તથા મીસેલ ૩. જેઓ પાત્રની શોધમાં છે તેવા જુવાનો માટે ૮. જેમના ધંધા રોજગાર બંધ થયા છે તથા બદલાયાં છે. ૯. વિવેકાનંદનગર મિશન ફિલ્ડના ભાઈ-બહેનોને કબ્રસ્તાન માટે જગ્યા મળે. ૧૦. બન્ને પાળકો, ત્રણ મિશનરીઓ તથા પરીવારો ૧૧. મમતા ડિસ્પેન્સરીમાં સેવા આપતા ડૉક્ટરો ૧. ડૉ. નીલમ (ભાઈપૂરા, હાટકેશ્વર નવા) ૨. ડૉ. જય શાહ (વિવેકાનંદ નગર નવા) ૩. ડૉ. અનુષા સોલંકી (ત્રણે જગ્યાએ) ૪. રામભાઈ અને કાન્તી કાકા (આંખ માટે) આ સાથે ડૉ. બેલા ગેરા, ડૉ. સંગીતા બક્ષી, ડૉ. ડેન્સન સેવા આપી રહ્યા છે. ખાસ ડૉ. રીપલ તથા ડૉ. માનસીની ઉમદા સેવાઓ માટે ખૂબ આભારી છીએ જેઓ અનીવાર્ય સંજોગોને કારણે હાલમાં સેવા આપી શકે તેમ નથી. ગોમતીપૂર મમતા ડિસ્પેન્સરી માટે ડૉક્ટરની જરૂર છે. ૧૨. ગોમતીપૂર તથા ઓઢવ મિશન ફિલ્ડ કોટેજ મીટીંગો ઓનલાઈન મિશનરી ગાયસ ક્રિશ્ચિયન મારફતે લેવામાં આવે છે. ૧૩. દર્શન ટ્યુશનના બાળકોને બધા શિક્ષકો મારફતે ઓનલાઈન શિક્ષણ - માર્ગદર્શન આપવામાં આવે છે. ૧૪. ભક્તિસભાની વ્યવસ્થા તથા વોલેન્ટીયર્સ.

## મરણ નોંધ

**૧.રૂબીના એ. પરમાર (ઉં : ૫૫) વટવા તા.૨૧/૮/૨૦૨૦**

# ભક્તિસભાની વ્યવસ્થા તા. ૬-૯-૨૦૨૦ થી

**ગુજરાત સરકારશ્રીની ગાઈડલાઈન તથા ગુજરાત ડાયોસીસના માર્ગદર્શન મુજબ આપણા ચર્ચમાં ફક્ત ૨૦૦ વ્યક્તિઓને બેસાડી શકાય તેમ છે. વ્યવસ્થા જળવાઈ માટે વોર્ડ પ્રમાણે આવવું.**

## સવાની પ્રથમ ભક્તિસભા

| નં. | સમય | | વોર્ડ નં. |
|---|---|---|---|
| ૧. | ૮.૩૦ થી ૯.૦૦ | ચકાસણી | ૧ થી ૮ |
| | ૯.૦૦ થી ૧૦.૦૦ | ભક્તિસભા | |

૧/અ કલ્પનાબેન બી. મેકવાન - મો. ૯૯૨૪૪૪૩૪૮૩, નાઝરેથ કોલોની, જૈતુન પાર્ક, જયસૂરજબા સોસા., સૌભાગ્ય પાર્ક

૧/બ **જેસ્મીનબેન પરમાર - મો. ૯૪૨૮૩૮૩૧૧૮**
કોશા, સુશીલગંગા, રીયલ, મેરીપાર્ક

૨ **પર્લીનાબેન ક્રિશ્ચિયન - મો. ૯૮૭૯૬૫૮૨૭૫**
હેર્મોન પાર્ક, રાજમહેલ એપા., લોરેન્સ એપા., રૂબીના એપાર્ટ., સુગના હેવન,ન્યુ હેવન, શારોન ઓનર્સ

૩ **નિરંજનાબેન ત્રાજકર - મો. ૯૪૨૭૮૦૧૩૫૩**
મધુરમ પાર્ક, સિયોનનગર, રાજલાલિત્ય, હોસાના, દિપક સર્કલ, પર્જ એવન્યુ, રાજશિલ્પ, દીપઆનંદ, ગ્લોરી, રિપબ્લીક, સંદીપ

૪ **એન્જ્ઞેશબેન કાઉપર - મો. ૯૧૦૬૨૭૦૪૫૯**
ગ્રીન ફાઉન્ટન, સોમ્લ મ્યુ. ક્વા. (સોનલકુંજ) ગુ. હા. બોર્ડ, જયકિશન, ઈશ્વરકૃપા એવન્યુ, મારૂતીનંદન, જોલી એપા., સૌંદર્ય પાર્ક, શુકલેશ્વર

૫ **જેનીફર ભાભોર - મો. ૭૭૭૮૮૬૨૯૮૮**
એદનપાર્ક, લાલભાઈ, સ્તુતિ, કનાન, સ્વતંત્ર પ્લોટ, ગીતાબેન - રેખાબેન, વેલ્સ એવન્યુ, ન્યુ લાલભાઈ.

૬ **સ્નેહલતાબેન ગોહિલ - મો. ૯૪૨૭૭૦૦૩૭૨**
મ્યુ. સ્લમ ક્વાટર્સ, સફળકુંજ સોસા.

૭ **રાજ જોલી રાજપૂત - મો. ૮૪૬૦૭૩૦૧૧૦**
અંબેનગર, જયશુભલક્ષ્મી, પ્રાર્થના પાર્ક, વિશ્વાસ પાર્ક, હર્ષદકુંજ, ભાવદીપ, વિદિશા, ડી-૩૫ મણિયાસા શરદસ્મૃતિ, પંચરત્ન ફ્લેટ, માધવ ફ્લેટ, ત્રિશુલ ફ્લેટ, ગીરીરાજ ફ્લેટ, શ્રીધર ફ્લેટ

૮. **મિનાક્ષીબેન ક્રિસ્ટી - મો. ૯૭૨૩૬૫૦૫૧૮**
ક્રિશ્ચિયન હિલ, એલીમ, માર્શીલ, ઓલીવ, મોરીયા, ફેની, એલીમ એપાર્ટ., સુરભી, ડીમ્પલ ફ્લેટ-પટેલવાડી, ઉત્કર્ષ- વિજય - પટેલવાડી, શેફાયર ૧ - પટેલવાડી, શ્રીમાન એપાર્ટ. ઉન્નતિ - પટેલવાડી, બેથલેહેમ, આદિશ્વર, લીલાધર, નિલમ

## સવારની બીજી ભક્તિસભા

| નં. | સમય | | વોર્ડ નં. |
|---|---|---|---|
| ૨. | ૧૧ થી ૧૧.૩૦ | ચકાસણી | ૯/અ |
| | ૧૧.૩૦ થી ૧૨.૩૦ | ભક્તિસભા | થી ૧૭ |

૯/અ ફિલેમોન પરમાર - મો. ૭૦૪૩૩૫૧૯૧૯
ધર્મદીપ, શીતલ, દીપશ્રદ્ધા, દીપરચના, દિપકૃતિ, શીતલ છાયા, વિજયા

૯/બ **સ્ટેફી ક્રિશ્ચિયન - મો. ૭૪૦૫૫૭૨૧૧૪**
સિદ્ધેશ્વરી, શાશ્વત, શેફાયર-૨, કાઉન્સીલીંગ સેન્ટર, જીવનધારા, પ્રકૃતિ

૧૦ **અનિલભાઈ ક્રિશ્ચિયન - મો. ૯૮૨૪૨૩૨૧૪૮**
જૂની ક્રિશ્ચિયન સોસાયટી, રાજ રેસીડેન્સી, જીવનવર્ષા, જીવનરક્ષા, નીલુ, રાજજયોત,હેપ્પીહોમ, જયશ્રી, સીતારામેશ્વર, જ્યોતિ એપાર્ટ.,

૧૧ **ફ્રેન્કલીન રાઠોડ - મો. ૯૫૮૬૯૫૦૧૧૫**
માનસરોવર, બંસરી, શિવશક્તિ, ઈસ્ટવ્યુ, માનસી, મોરાર, સૂરજ, આભૌમિક, રેલ્વે કોલોની, ગોળલીમડા, કૃષ્ણકુંજ

૧૨/અ **અનીલભાઈ રાઠોડ - મો. ૮૦૦૦૩૮૦૫૯૪**
પુષ્પમ, ભાઈપુરા (જયરામની ચાલી), આરતીનગર, ઈશ્વરકૃપા સોસા., ગાયત્રીનગર, ઈશ્વરકૃપા ડુપ્લેક્ષ, શિવશક્તિ, મનહર કોલોની

૧૨/બ **કોકીલાબેન ઠક્કર - મો. ૮૩૨૦૧૧૭૬૭૫**
રાધાકિશન, કાશીબા, નાઝરેથ કોલોની, ન્યુ વિશ્વાસપાર્ક (હાટકેશ્વર), નિલમ પાર્ક, શારોન પાર્ક

૧૩ **અર્પિત કીન - મો. ૮૬૫૧૦૩૨૯૬૪**
ઈશ્વરકૃપા ફ્લેટ, કાલવરી, બેથેલ - સિદ્ધેશ્વરી કૃપા, બેથલેહેમ, પાયલપાર્ક, અમીધારા, એબેન-એઝર, કુલદીપ, કર્ણાવતી પાર્ક

૧૪ **અનીલકુમાર ક્રિશ્ચિયન - મો. ૯૮૨૪૬૬૭૧૬૨**
ધીરજ હાઉસીંગ, ઋષીકેશ હાઉસીંગ, મહીસાગર સોસા., પ્રભુસાગર એપા., ભગવતી, જીવન ફ્લેટ્સ, મહાલક્ષ્મી, જીવનધારા, જશોદા ટેકરા,ગોરના કુવા, ભાગ્યલક્ષ્મી, શ્રીધર એપા., ચંદન ટેનામેન્ટ, લાલ ગેબી સર્કલ

૧૫ **સુરેશચંદ્ર ઠક્કર - મો. ૭૦૧૬૬૭૮૪૮૦**
પવિત્રકુંજ, હીરાબાગ, આંબેડકરનગર, શાલોમ એપાર્ટ., શ્રીનંદ સીટી, શ્રીનંદ ડુપ્લેક્ષ, અનુપમ સોસા., સુખશાંતિનગર, સામર્થ્ય સોસા.ન્યુ મણિનગર

૧૬ **સેમસન ક્રિશ્ચિયન - મો. ૯૪૨૭૬૩૩૨૦૭**
બાપુનગર, રાજપુર, બહેરામપુરા, ઓઢવ, સૂર્યલોક, શકરા ઘાંચીની ચાલી, પ્રિન્ટીંગ પ્રેસ, એકતા એપાર્ટ., ઘનશ્યામનગર, વૃંદાવન, કર્ણાવતી, સુમીતનગર

૧૭ **એલેકઝાન્ડર ક્રિશ્ચિયન - મો. ૮૧૬૦૯૫૭૬૮૯**
ઘોડાસર, પુનિતનગર, ઈસનપુર, દક્ષિણી, મૈત્રી ફ્લેટ્સ, કેડીલાબ્રીજ, બિંદુ સોસા., પટેલ વે બ્રિજ, નારોલ ચોકડી, લાંભા, વટવા બહેરામપુર

**ભક્તિસભાની નવી વ્યવસ્થામાં**
**આપના ઉમદા સાથ-સહકાર માટે આભાર**